
# ચોમાસું ચડી આવ્યું છતાં શહેરમાં પ્રિમોન્સુન કામગીરીમાં કમજોરી

## વૃક્ષોનું ટ્રીમીંગ, લચી પડેલા અને સુકાઈ ગયેલા વૃક્ષોનો નિકાલ તથા વરસાદી પાણીની સમસ્યા યથાવત

ગાંધીનગર, તા.૧૭

મેઘરાજાએ ગુજરાતના દ્વારે ટકોરા પાડી દીધા છે છતાં ચોમાસા પહેલા તંત્ર દ્વારા કરવાની થતી કામગીરી શહેરમાં દેખાતી જ નથી. પ્રિ-મોન્સુન કામગીરી હંમેશા એપ્રિલ-મે માસ દરમિયાન પૂર્ણ કરવાની હોય છે.જેમાં કામગીરી વધુ હોય તો જુન મહિનાની શરૂઆતમાં આ તબક્કો સંપૂર્ણ કરી દેવાય છે. પરંતુ ગાંધીનગરમાં આ કામગીરી ન થતાં લચી પડેલા વૃક્ષો અને સુકાઈ ગયેલા વૃક્ષો માર્ગ ઉપર યમદૂત બનીને ઉભા હોય તેવા દશ્યો જોવા મળી રહ્યા છે. શહેર સરોવરમાં ફેરવાય તે પહેલા વરસાદી પાણીના નિકાલની સમસ્યા પણ ઉકેલી લેવાતી હોય છે છતાં તે પણ કામગીરી થઈ ન હોય તેવું જણાઈ રહ્યું છે. જેથી શહેરીજનોમાં ભારે વરસાદના સંજોગો ધ્યાને લઈ ભય ફેલાયો છે.



(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

તંત્ર પ્રિમોન્સુન કામગીરી માટે એકશન પ્લાન ઝડપથી બનાવી દે છે પરંતુ તેની અમલવારી બાબતે કમજોર સાબિત થાય છે. એપ્રિલ-મે અને જુનની શરુઆત સુધીની પ્રિ-મોન્સુન કામગીરી થઈ જ ન હોય તેવા દશ્યો હાલ શહેરમાં જોવા મળી રહ્યા છે. શહેરના મુખ્ય માર્ગો ઉપર વૃક્ષોની લચી પડેલી ડાળીઓ, સુકાઈ ગયેલા વૃક્ષો, ચોમાસાના ભારે વરસાદ અને વાવાઝોડા સમયે યમદૂત બનીને ત્રાટકી શકવાની શકયતા છે અને ભારે અકસ્માતો સાથે માર્ગો ઉપર અડચણો પેદા થવાના સંજોગો દરેક નાગરીકને દેખાઈ રહ્યા છે. પરંતુ તંત્રએ આ બાબતે હજુ સુધી પગલા ભર્યા ન હોવાથી ભારે ભય ઉભો થયો છે.

વધુમાં એપ્રિલમાં થયેલા માવઠાંથી શહેરમાં વરસાદી પાણીની નિકાલ વ્યવસ્થા યોગ્ય ન હતી જેથી સરોવર જેવા દશ્યો ઉભા થયા હતા. જેથી ચોમાસામાં સતત વરસાદના સંજોગોમાં શહરમાં ગટર સાફ સફાઈ અને પાણીના નિકાલની વ્યવસ્થા બાબતે તંત્રએ અગમચેતી દાખવવી જોઈએ જે પણ ફકત કાગળ ઉપર જ થઈ હોય તેવું લાગી રહ્યું છે. શહેરીજનોને ભગવાન ભરોસે મુકી તંત્ર પોતાની ફરજ પ્રત્યે નિષ્કાળજી રાખી રહ્યું હોઈ નાગરિકોએ પોતાના નિવાસસ્થાનોએ યોગ્ય મરામત અને પાણીની નિકાલ વ્યવસ્થા તથા વૃક્ષોની કાપણી કરી લઈ સલામતી ઉભી કરી દીધી છે.

# સગાઓએ મૃતકના ખોટા દસ્તાવેજો ઉભા કરી સેકટર-૨૬નો પ્લોટ વેચી માર્યો

## પ્લોટ ખરીદનાર મહિલાને છેતરપીંડી અંગે જાણ થતા પોલીસને ફરિયાદ કરી : ત્રણ શખ્સો સામે ગુનો દાખલ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર શહેરના સે-૨૬ ખાતે સ્થિત એક પ્લોટનું વેચાણ કરવા માટે સગાઓએ મૃતકોના નામે ખોટા દસ્તાવેજો ઉભા કરીને છેતરપીંડી આચરી હોવાનું બહાર આવ્યું છે. આ મામલે કિંમતી પ્લોટ ખરીદનાર મહિલાને જાણ થતા સે-૭ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. પોલીસે ત્રણ શખ્સો સામે વિશ્વાસઘાત અને છેતરપીંડી નો ગુનો નોંધીને તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

શહેરના સેકટર-૨૬ માં સ્થિત ૭૭/૨ નંબર નો પ્લોટ ચંદ્રિકાબેન ફૂલુંભા રાઠોડ નામની મહિલાએ ખરીદ્યો હતો. થોડા સમય બાદ પ્લોટ ખરીદનાર મહિલાને તેમની સાથે છેતરપીંડી થઈ હોવાની જાણ થઈ હતી. સે.૨૬ નો આ પ્લોટ વેચાણ આપવા માટે આ કેશના આરોપી ફકાજી મોતીજી ઠાકોર, શકરા ફકાજી ઠાકોર અને લીલા ફકાજી ઠાકોર (ત્રણેય રહે કોલવડા)એ તેમના મૃતક સગાઓ ઢબુબેન, જીવીબેન અને બબુબેન આ ત્રણેયના નામની ખોટી સહીઓ કરી ખોટા દસ્તાવેજો ઉભા કરીને પ્લોટનું વેચાણ કરી નાંખ્યું હતું. આ બાબત પ્લોટ ખરીદનાર મહિલા ચંદ્રિકાબેનને ધ્યાને આવતા તેમણે તત્કાલીક આ મામલે પોલીસને જાણ કરીને ફરિયાદ આપી હતી. સે-૭ પોલીસ મથકના પીએસઆઈ વી.યુ.ગડરિયા એ મહિલાની ફરિયાદ લઈ ત્રણેય સામે છેતરપીડી અને વિશ્વાસઘાત નો ગુનો દાખલ કરી તપાસની દોર શરુ કર્યો છે.

# લોકરક્ષકોને બે મહિના પુરો પગાર ચૂકવીને પુનઃ ફિક્સમાં ધકેલી દીધા

## માત્ર ગાંધીનગર રેન્જના જ લોકરક્ષકોને અન્યાય : આકરી મોંઘવારીમાં તડકે શેકાતા લોકરક્ષકોની દયનીય સ્થિતિ : નોકરીના પાંચ વર્ષના અંતે સીસીસી સર્ટીનું કારણ આગળ ધરી ફિક્સ પગાર કરી દેવાતા આક્રોશ

ગાંધીનગર, તા. ૧૭

વર્ષ-૨૦૦૯ માં ભરતી પામેલા લોકરક્ષકોને પાંચ વર્ષ પુરા થતા બે મહિના પુરો પગાર આપી ફિક્સ પગારમાં ધકેલી દેવાતા લોકરક્ષકોએ કફોડી હાલતમાં મુકાવાનો વારો આવ્યો છે. માત્ર ગાંધીનગર રેન્જમાં સમાવિષ્ટ મહેસાણા, ગાંધીનગર, સાબરકાંઠા સહિતના જિલ્લાઓમાં ફરજ બજાવતા લોકરક્ષકોને સીસીસી સર્ટીનું કારણ આગળ ધરી ફિક્સ પગારમાં મુકવાની આ પેરવી કરી હોવાનો આક્રોશ -બળ બન્યો છે. જેના પરિણામે આકરા તાપમાં ડયુટી નિભાવતા જવાનોએ મોંઘવારીમાં વધુ એક લપડાક સહન કરવાનો વારો આવ્યો છે.

ગાંધીનગર જિલ્લામાં ફરજ બજાવતા હોય તેવા તેમજ પાંચ વર્ષ પૂર્વે ભરતી થયેલા તમામ લોકરક્ષકોને નિયત સમયના અંતે પુરો પગાર ચૂકવવાનો ઓર્ડર થયો હતો. પરંતુ બે મહિના સુધી લોકરક્ષકોને ફૂલ પગાર ચુકવાયા બાદ અચાનક જ ફિક્સ પગારમાં મૂકી દેવાતા આ જવાનોની હાલત દયાજનક થઈ ગઈ છે. ગાંધીનગર રેન્જમાં ફરજ બજાવતા લોકરક્ષકોને આ નિર્ણય લાગુ પડતા અસંતોષ અને કચવાટની લાગણી -વર્તી છે. એપ્રિલ અને મે મહિનામાં તેમને ફૂલ પગાર ચુકવવામાં આવ્યો હતો. પરંતુ થોડા દિવસો પૂર્વે જ ગાંધીનગર પોલીસ અધિક્ષક કક્ષાએથી લોકરક્ષકોએ આઈટીઆઈ ના સીસીસી સર્ટી ન આપ્યા હોવાનું કારણ આગળ ધરી ફૂલ પગારના બદલે ફિક્સ પગારમાં ધકેલી દેવાયા છે. વધુમાં લોકરક્ષકોએ બે મહિના સુધી મેળવેલ ફૂલ પગારની રકમ પણ વસુલવાની નીતિ અપનાવી છે. ફૂલ પગારના આ નાણા દર મહિને તેમના પગારમાંથી કાપવાનો નિર્ણય લેવાયો છે. સરકારના નિયમ મુજબ અન્ય વિભાગોમાં ફરજ બજાવતા ફિક્સ પગારના કર્મચારીઓની જેમ જ આ લોકરક્ષકોએ સીસીસી સર્ટીફીકેટ રજુ કર્યા હોવા છતાં આ મનઘડત નિર્ણય લેવાયો હોવાનો સુર રેલાયો છે. સરકારના જુદા જુદા વિભાગોમાં સીસીસી સર્ટી ના મામલે ગૂંચવણભરી સ્થિતિ સર્જાઈ હોવાનું ચિત્ર ઉપસી આવ્યું છે. સરકાર કક્ષાએ માત્ર આઈટીઆઈ માન્ય સર્ટી જ -માણભૂત ગણવામાં આવે છે ત્યારે આઈટીઆઈ કક્ષાએ આ કોર્સ બંધ થઈ ગયા હોવાનો પણ આક્રોશ લોકરક્ષકો ઠાલવી રહ્યા છે. આ મામલે લોકરક્ષકોએ જીલ્લા પોલીસ વડાને પણ રજૂઆત કરી છે.

# કાર અદ્રશ્ય કરવામાં મદદ કરનાર પીસીઆર વાનને શોધવા જીપીએસ ચેક કરાશે

## પંચરગ્રસ્ત ઇનોવા કારમાંથી દારૂનો માલ ટેમ્પોમાં સગેવગે થયો તે વખતે પીસીઆર વાન પણ પહોંચી હતી

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર નજીક સરગાસણ સર્કલ પાસે દારૂ ભરીને જતી ઈનોવા કાર પોલીસની ઝપટે ચડ્યા બાદ પોલીસ અને બુટલેગર વચ્ચે ગુફ્તેગુ થતા સમગ્ર મામલે ભીનું સંકેલાઈ દેવાયું હતું. ઈનોવા કારમાંથી દારૂનો જથ્થો ટેમ્પો મારફતે પોલીસની હાજરીમાં જ સગેવગે કરી દેવાયાના -કરણે ચકચાર મચાવી છે. તે તોડબાજ પોલીસને શોધવા જીલ્લાના કેટલા પોલીસ જવાનો પાસે બ્લેક એસેન્ટ છે તેની યાદી તૈયાર કરવા અને કેમેરાના ફૂટેજ ચેક કરવા આદેશ આપ્યા બાદ આ સ્થળે તે સમયે પહોંચેલી પોલીસની પીસીઆર વાન કઈ હતી તે તપાસ કરવા જીપીએસ ચેક કરવામાં આવી રહ્યું છે.

ગત ગુરુવારે રાતે ૧૧ વાગ્યાના અરસામાં ગાંધીનગરના સરગાસણ સર્કલ પાસે દારૂનો જથ્થો ભરેલી એક ઈનોવા ગાડી પંચર પડી અને પોલીસ ત્યાં પહોંચી હતી. એક બ્લેક એસેન્ટ ગાડી અને પી.સી.આર લઈને પોલીસ પહોંચી અને પોલીસે ડ્રાઈવરને હાથકડી પહેરાવી થોડું -શર આપી બંને વચ્ચે ઠંડા પીણું પીવાના બહાને ખાનગી વાતચીત થઈ હતી. તોડ થયા બાદ સ્થળ પર આવેલા એક ટેમ્પામાં દારૂનો જથ્થો સગેવગે કરી દેવાયો હતો. આ -કરણમાં આરોપી અને પોલીસ કોણ તે બાબત હજુ પણ એક મોટું રહસ્ય છે. ડીએસપી એ બ્લેક એસેન્ટ લઈને જે પોલીસ તોડ કરવા ગઈ હતી તેને પકડવા જિલ્લામાં કેટલા પોલીસ જવાનો પાસે બ્લેક એસેન્ટ ગાડી છે તે લીસ્ટ તૈયાર કરવા સુચના આપી છે. બીજી તરફ આ ગાડી શહેરના કેટલાક મુખ્ય સર્કલ પરથી તો તે સમયે પસાર થઈ જ હશે તેમ માનીને સીસીટીવી ફૂટેજ તપાસવાની કામગીરી પણ શરુ કરી છે. હજુ સુધી તેમાં પણ કોઈ કડી ન મળતા હવે જે પીસીઆર વાન ત્યાં પહોંચી હતી તે કઈ વાન હતી તે જાણવા માટે પોલીસે વાનમાં લગાડાયેલી જીપીએસ સિસ્ટમનો ડેટા નીકાળશે અને તોડ કરી જનાર પોલીસ સુધી પહોંચશે.

# ચિલોડાની પેટા ચૂંટણીમાં લીલાબેન ચૌહાણે વિજયનો ડંકો વગાડ્યો

ચિલોડા, તા. ૧૭

ચિલોડા ગ્રામ પંચાયતની વોર્ડ નં. ૬ની પેટા ચૂંટણીમાં લીલાબેન ચૌહાણે ભારે બહુમતીથી જીત મેળવી છે. લીલાબેન ચૌહાણને લગભગ ૯૧ ટકા જેટલા મતો મળ્યા હતા અને તેમના હરીફ સામે મોટી સરસાઈથી એક તરફી વિજયનો ડંકો વગાડ્યો હતો. મહિલાઓ માટે અનામત આ બેઠકમાં કુલ ૨૮૩ મતદાતાઓએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. આ ૨૮૩ મતોમાંથી લીલાબેન ચૌહાણને ૨૫૭ મત મળ્યા હતા. જ્યારે તેમના પ્રતિસ્પર્ધી રીટાબેન ઠાકોરને માત્ર ૨૬ મત મળ્યા હતા. આમ લીલાબેન ચૌહાણ ચિલોડા ગ્રામ પંચાયતના વોર્ડ નં. ૬ની ચૂંટણીમાં ભારે બહુમતીથી ચૂંટાઈ આવ્યા છે.

# સ્માર્ટ કિડસ દ્વારા બેન્ચિસનું દાન

ગાંધીનગર, તા.૧૭

સ્માર્ટ કીડસ નર્સરી સ્કુલ સેકટર-૧નો જુનિયર કેજીનો પ્રથમ દિવસ હતો. બાળકોએ સ્વબળે નોબેલ કાર્ય કર્યુ હતું. ગરીબ બાળકોને સ્માર્ટ કીડસએ બેન્ચનું ડોનેશન કર્યુ હતું. સ્માર્ટ કીડસમાં એવા તાલીમાર્થીઓ આવે છે કે તેમને કોઈ વસ્તુની કમી નથી પરંતુ સમાજમાં એવા પણ બાળકો છે કે તેની પાસે ભણવા માટેની સગવડ નથી. સ્માર્ટસ કીડસ સમાજને-દેશને મજબુત નાગરિક આપી શકે તે માટેનું કાર્ય કરે છે.

# મા.મ. વિભાગની કચેરી વસ્ત્રાપુર ખસેડવામાં આવતા ગાંધીનગરથી વસ્ત્રાપુર બસ શરૂ કરવા કર્મચારીઓની માંગ

## વસ્ત્રાપુરમાં નવ માળનું મકાન નિર્માણ પામતા પોલીટેકનીક કેમ્પસમાં કાર્યરત કચેરીને વસ્ત્રાપુર ખસેડવામાં આવી : ગાંધીનગરના ત્રણ હજાર જેટલા કર્મચારીઓ અપડાઉન કરી રહ્યા છે

ગાંધીનગર, તા. ૧૭

વસ્ત્રાપુરમાં નવ માળનું બહુમાળી મકાન નિર્માણ પામતા માર્ગ અને મકાન વિભાગની કચેરી સહિત અન્ય ૪૬ કચેરીઓ નવા મકાનમાં ખસેડવામાં આવી છે. ગાંધીનગરથી અમદાવાદ અપડાઉન કરતા કર્મચારીઓ માટે એસ.ટી. તંત્ર દ્વારા નિયમિત રીતે બસ મુકવામાં આવે તેવી માંગણી કરેલ છે.

માર્ગ અને મકાન વિભાગની કચેરી અમદાવાદમાં આવેલ એલ.ડી. એન્જિનિયરીંગ કેમ્પસમાં ચાલતી હતી. આ કચેરીમાં ગાંધીનગરથી અનેક કર્મચારીઓ ફરજ બજાવી રહ્યા છે. ત્યારે આ કર્મચારીઓને આવન-જાવન માટે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

વસ્ત્રાપુરમાં માર્ગ અને મકાન વિભાગની કચેરી ઉપરાંત અન્ય ૪૬ કચેરીઓનું પણ સ્થળાંતર કરવામાં આવ્યું છે. ત્યારે આ કચેરીઓમાં આશરે ત્રણ હજાર જેટલા ગાંધીનગરના કર્મચારીઓ ફરજ બજાવી રહ્યા છે. ગાંધીનગર અમદાવાદ લીંક સિટી હોવાથી કર્મચારીઓ ગાંધીનગરથી જ અપડાઉન કરી રહ્યા છે.

ત્યારે આ કર્મચારીઓએ એસ.ટી. તંત્ર દ્વારા સચિવાલય ગાંધીનગરથી અમદાવાદ જવા માટે તેમજ અમદાવાદના સેટેલાઈટ એરિયા, સી.એન. વિદ્યાલયથી ઉપડતી બસોને વસ્ત્રાપુર સુધી લંબાવવામાં આવે તેવી કર્મચારીઓ દ્વારા સરકારમાં માંગણી કરેલ છે. વસ્ત્રાપુરની ઓફિસે પહોંચવા માટે કર્મચારીઓને ન છુટકે શટલિયામાં જવાની ફરજ પડે છે. જેના કારણે કર્મચારીઓને આર્થિક રીતે નુકસાન અને સમય વેડફાય છે.

તેમજ અવારનવાર વસ્ત્રાપુરથી કચેરીના કામાર્થે ગાંધીનગર આવવાનું હોવાથી પણ સમયસર પહોંચી શકાતુ નથી. શટલિયા ઘેટા-બકરાની જેમ ભરવામાં આવે છે. વસ્ત્રાપુર અને બોડકદેવમાં સરકારી વસાહતો આવેલી છે. આ વસાહતોમાં રહેતા કર્મચારીઓને પણ સરકારી કામ માટે આવવાનું થતું હોય છે ત્યારે વાયા-વાયા ગુરુકુલ, થલતેજ, સોલા, અડાલજ થઈને આવવું પડતું હોય છે.

આ કર્મચારીઓની માંગણી છે કે ગાંધીનગરથી અમદાવાદ વસ્ત્રાપુરને સાંકળતો એક સરક્યુલર રૂટ પર એસ.ટી. તંત્ર દ્વારા બસ શરૂ કરવામાં આવે એવી લાગણી અને માંગણી છે. જો આ રૂટ શરૂ કરવામાં આવશે તો કર્મચારીઓ ઉપરાંત એલ.ડી. એન્જિનિયરીંગ કોલેજ, પોલીટેકનીક સહિતના વિદ્યાર્થીઓને પણ અપડાઉન કરવામાં રાહત મળશે.

# અમદાવાદ સીવીલ તરફથી આવતી લોકલ બસો ચ-૧ના સ્ટેન્ડ પર ઉભી રાખવા માંગ

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરમાં બહારગામથી આવતી એસટી બસો ચ રોડ પરથી પસાર થાય છે પરંતુ મોટા ભાગની ગાંધીનગરથી અમદાવાદની બસો ઘ રોડથી પસાર થાય છે. જે બસો અમદાવાદ સીવીલથી આવે છે તે ચ રોડ પરથી પસાર થાય છે જે ચ-૦ ઉભી રહે છે પરંતુ ચ-૧ ઉભીરહેતી નથી આથી ચ-૧નું બસ સ્ટેન્ડ શોભાના ગાંઠીયા સમાન બની ગયું છે.

અમદાવાદ સીવીલમાંથી આવતા અનેક મુસાફરો જે સેકટર-૧ અથવા ૨માં રહે છે. તેમના માટે આ બસો ચ-૧ બસ સ્ટેન્ડ પર ઉભી રહે તે જરુરી છે. પરંતુ આ એસટી બસો ચ-૦ પછી સીધી ચ-૨ જાય છે અને ચ-૧ સ્ટેન્ડ પર ઉભી નથી રહેતી જેના કારણે આ મુસાફરોને ખુબ મુશ્કેલી પડે છે. આ મુસાફરોમાં નોકરિયાતો, મહિલાઓ અને સિનિયર સિટિઝન્સ પણ હોય છે ઘણી વાર સિવિલથી આવતા બિમાર દર્દીઓ પણ હોય છે. આથી અમદાવાદ-સીવીલ તરફથી આવતી લોકલ બસો ચ-૧ ઉભી રાખવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.



ગાંધીનગર મહાનગરપાલિકાની મુલાકાતે આજે વડોદરા મહાનગર પાલિકાનું એક મહિલા પ્રતિનિધિ મંડળ આવ્યું હતું. આ મહિલા પ્રતિનિધિ મંડળને નગરના મેયર મહેન્દ્રસિંહ રાણા અને ડેપ્યુટી મેયર આશિષ દવેએ આવકાર્યું હતું. તેમણે આ પ્રતિનિધિ મંડળને જરુરી માહિતી પણ પુરી પાડી હતી.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૬
સૂર્યાસ્ત : ૭.૨૫

## તાપમાન

મહત્તમ : ૩૭.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૯.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૩ ટકા ● સાંજે ૫૩ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્કીન-૧ :
હોલીડે : ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦
: સ્કીન-૨ :
હોલીડે : ૧૨.૩૦
ફુગલી : ૩.૪૫, ૭.૦૦, ૧૦.૧૫
: સ્કીન-૩ :
ડ્રેગોન-૨ (અંગ્રેજી) ૪.૦૦, ૬.૦૦, ૮.૦૦
હોલીડે : ૧૦.૦૦
: સ્કીન-૪ :
ફગલી : ૧૦.૦૦
ચલ ભાગ : ૧૨.૪૫
મછલી જલ કી રાની હે : ૩.૦૦, ૧૦.૦૦
અનફોગ્રેટેબલ : ૬.૩૦
: સ્કીન-૫ :
હોલીડે : ૧૦.૦૦
ફગલી :૧.૦૦

### સિને મેક્સ

: સ્કીન-૧ :
ડ્રેગોન-૨ (૩-ડી, હિન્દી) : ૧૧.૦૦,૧.૧૫,૬.૦૦,૮.૧૫
ફિલ્મીસ્તાન : ૩.૩૦
હોલીડે : ૧૦.૩૦
: સ્કીન-૨ :
ફગલી : ૧૦.૪૫, ૧.૩૫, ૪.૨૫, ૭.૧૫, ૧૦.૦૫
: સ્કીન-૩ :
હોલીડે : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્કીન-૪ :
હોલીડે : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

### સૂર્યા સિનેમા (વાવોલ)

ઘાતક : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્કીન-૧ :
ફગલી : ૧૦.૩૦, ૧.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
હોલીડે : ૪.૩૦
: સ્કીન-૨ :
હોલીડે : ૧૦.૧૫, ૧.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
ફગલી : ૪.૧૫
: સ્કીન-૩ :
ચલ ભાગ : ૧૦.૩૦, ૩.૩૦, ૮.૩૦
મછલી જલ કી રાની હે : ૧.૦૦, ૬.૦૦, ૧૧.૦૦

## આપની આજ

**મેષ** : વિવાદિત કાર્યોને પૂર્ણ કરવા માટે અત્યંત શુભ સમય. શિક્ષા સંબંધી ઉપલબ્ધિદાયક યોગ. રોગ, ઋણ, શત્રુ સંબંધી કાર્યોમાં ખર્ચ, પ્રવાસનું આયોજન થશે.

**વૃષભ** : પર્યટન આમોદ-પ્રમોદના વિશિષ્ટ યોગ બની રહ્યો છે. કોર્ટ-કચેરીમાં વિજય મેળવી શકશો. શત્રુ પરાસ્ત થશે. વિવાદિત કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે. સામાજિક ક્ષેત્રોથી મહત્વપૂર્ણ લાભ પ્રાપ્તિનો યોગ.

**મિથુન** : સામાજિક સમ્માન તમારી ચિંતાઓને દૂર કરશે. અવસર હિતકર થશે. બહુપ્રતીક્ષિત ઈચ્છાઓની પૂર્તિ થઈ શકશે. ભાગ્યવર્ધક ધાર્મિક કાર્યો થઈ શકશે. આર્થિક કાર્યોમાં વિશેષ યાત્રા પ્રવાસ ગોઠવાશે.

**કર્ક** : ધાર્મિક કાર્યોમાં મન લાગશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી. સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વધારો થશે. આર્થિક રોકાણ સમજ પૂર્વક કરવું.

**સિંહ** : વાહન સુખની પ્રાપ્તિ થઈ શકશે. સામાજિક કાર્યોમાં યશ અને સન્માનમાં વધારો થશે. વ્યાપાર સારો ચાલશે. આરોગ્ય તરફ બેદરકાર ન રહેવું. શત્રુ પરાસ્ત થશે, વિવાદિત કાર્યોમાં સફળતા પ્રાપ્તિનો વિશેષ યોગ.

**કન્યા** : સામાજિક સમસ્યાઓમાં સહયોગ કરવો પડશે. મિત્રો અને કુટુંબની સભ્યોનો સાથ સહકારથી કાર્યમાં પ્રગતિ થઈ શકશે. કૌટુંબિક સુખથી મન પ્રસન્ન રહેશે. વિનમ્રતા અને સામંજસ્યથી કામ કરવું પડશે.

**તુલા** : કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. તેને તેનું આયોજન થશે. ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધનો યોગ બને છે.

**વૃશ્ચિક** : સામાજિક કાર્યોથી યશ અને સન્માન પ્રાપ્ત થશે. આર્થિક ક્ષેત્રમાં સમસ્યાઓ ઉભી થવાની સંભાવનાઓ છે. નાણાંકીય મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. ખાનપાનમાં સંયમ રાખવું.ઉચ્ચસ્તરીય સન્માન પ્રાપ્ત થઈ શકે છે.

**ધન** : માનસિક સંતોષ પ્રસન્નતા અપાવશે. વિચારેલા કાર્ય આજે પૂર્ણ થઈ શકે છે. શારીરિક સુખ પ્રાપ્તિ થવાનો યોગ છે. સામાજિક ક્ષેત્રોમાં માન- સન્માન, પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થઈ શકશે. સંચિત ધનમાં વૃદ્ધિ થવાની શકયતાઓ છે.

**મકર** : આપ પોતાની બુદ્ધિ બળે કાર્યમાં વૃદ્ધિ થઈ શકશે. શત્રુઓથી હાનિ થવાની સંભાવનાઓ છે. કાયદાકીય બાબતોમાં આપને સફળતા પ્રાપ્ત થઈ શકશે.

**કુંભ** : વ્યવસાયમાં પ્રગતિ થશે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થવાની સંભાવના છે. જ્ઞાન શોધના કાર્યોમાં મન લાગશે. ધ્યાન, સમાધિ, ગુપ્ત જ્ઞાન સંબંધી કાર્ય થઈ શકશે. આર્થિકક્ષેત્રમાં સમસ્યાઓનો યોગ.

**મીન** : વિચારેલા કાર્ય પૂર્ણ થશે. સંચિત ધન વૃદ્ધિનો યોગ. માનસિક શાંતિ જાળવી રાખવી. નવા સંબંધો બંધાશે. ઘરમાં મહેમાન આવી શકે છે. વ્યાપાર-વ્યવસાયમાં દિવસ મધ્યમ રહેશે. મિત્રોનો સહકાર મળી રહેશે.

## ચિરવિદાય

- સ્વ. લક્ષ્મીબહેન શિવદાસ પટેલ (ઉ.વ. ૮૦) પ્લોટ. નં. ૧૮૧, સેક્ટર-૩ (ન્યુ), ગાંધીનગર.
- સ્વ. ગાભુજી કાળાજી ઠાકોર (ઉ.વ. ૭૦) ગામ.બોરીજ, તા. જિ. ગાંધીનગર.
- સ્વ. ડાહ્યાભાઈ પુનાજી ઠાકોર (ઉ.વ. ૭૦) ગામ.વાસણા ચૌધરી, તા.દહેગામ, જી. ગાંધીનગર.